સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

સલામી સવારની..

ઝાડ પર નહીં, પૈસા કોલસા ખાણે ઉગે છે!
પૈસા નહીં એ સ્પેક્ટ્રમનાં મોતીડાં ચૂગે છે!
ચગે ઉદ્ઘયનમાં લાખો-કરોડોથી પ્રફુલ્લિત -
અમને ચિંતા નથી મોંઘવારી નડે ભૂંગે છે.
(તમારા મારે જ આર્થિક સુધારા)

હાઈકુ

પૈસા ન ખાય!
માછલાં તો ખાય ને?!
પુરૂષોત્તમ
(ખાતો, નથી, ખાવા દેતો નથી)

ઉગશે કેરી,
એ ઘેઘૂર વડલે -
પરિવર્તન..'
(ત્રીજો મોરચો?!)

ચિંતન

ન રમ્યં નારમ્યં પ્રકૃતિ ગુણતો વસ્તુ કિમપિ પ્રિયત્વં યત્ર સ્યાદિ તરદપિ તન્દ્રા હકવશાત ।
રહયાંગાંહયાં ના નાં ભવતિ વિધુરડગારશ કટી પટીરામભઃ કુંભઃ સ ભવતિ ચકોરી નયનયોઃ ॥

કોઇ પણ વસ્તુ-બાબત-ઘટના તેના પોતાના ગુણ-સ્વભાવની દૃષ્ટિ નથી રમ્ય કે નથી અરમ્ય, એટલે કે પોતાની જીતે સારી કે ખરાબ નથી જ પરંતુ તેમ છતાં કોઇને એ સારી લાગે કે ખરાબ દેખાય છે, એટલે કે કોઇને ગમે કે કોઇને ન ગમે, કોઇને પ્રિય લાગે કે કોઇને અપ્રિય લાગે, એ વસ્તુને વ્યક્તિ પોતાના સ્વભાવ અને અપેક્ષાઓની દૃષ્ટિએ જ મૂલવે છે.

દાખલા તરીકે ચંદ્ર અને ચાંદની પોતાના સ્વભાવથી શિતળ જ છે, ચકોરીના નેત્રોને ચંદ્ર જળથી ભરેલા અમૃતના ઘડા જેવો લાગે છે, એ જ ચંદ્ર ચક્રવાક યુગલને અંગારાથી ભરેલી સગડી જેવો લાગે છે...

આજના યુવાનો ને 'નવરાત્રીની' આતુર નયને ઇંતેજાર હોય છે, નવ-નવ દિવસનાં ડ્રેસની તૈયારી, નૃત્યની તાલીમ અને મિલન-મૂલાકાતનાં આયોજનથી નવરાત્રી 'આનંદોત્સવ જેવી લાગે છે, જ્યારે પ્રૌઢે ને નાહકના ઉજાગરા, ફોગટની નાચકૂદ અને ચારિત્ર્યની ચિંતા સતાવે છે.

આમ 'નવરાત્રી' ભક્તો માટે આરાધનાનો ઉત્સવ પણ થઇ જાય છે. એક જ ઉત્સવ છે છતાં સૌ પોતાની દૃષ્ટિએ તે મૂલવે છે.

સુવિચાર

- કવિતા માણસની અનુભૂતિની અભિવ્યક્તિ છે - **ડો.હજારીપ્રસાદ દ્વિવેદી**
- જેનામાં બુધ્ધિ જ નથી તેને વેદશાસ્ત્રોથી શું સંબંધ? અંધને માટે અરિસો નકામો છે - **ચાણક્ય**
- દુર્જન વિદ્વાન હોય તો પણ તેનો ત્યાગ કરવો, મણિથી અલંકૃત સાપ શું ભયંકર નથી હોતા? - **ભર્તૃહરિ**
- વ્યક્તિ ચારિત્ર્યથી જ સમાજની શાખ બંધાય છે - **ઔલિંગ**
- તમારે નીચાજોણું થાય એવું એક પણ કામ કરશો નહીં - **જેમ્સ બોલન**
- સેવાથી શત્રુ પણ મિત્ર થઇ જાય છે - **વાલ્મિકી**
- સૌંદર્યને બહારના શણગારની જરૂર પડતી નથી - **શેખ સાદી**

બોધ કથા

આપણે ભજન-કીર્તન-ધ્યાન-તપ-કથા વાર્તામાં જઇએ છીએ ખરા પણ આપણું મન-ચિત્ત સ્વભાવ આપણા 'સ્વાર્થ' માં જ ભટકતું હોય છે. સારા દેખાવ, કોઇને સારૂં લગાડવા, પોતાની 'નિયમિતતા' સિધ્ધ કરવા-એવા જુદા જુદા હેતુઓ હોય છે કોઇ હૃદયપૂર્વક 'સમર્પિત' હોતું નથી...

જર્મન ચિંતક હેરિગલ વર્ષો સુધી ઝેનગુરૂ પાસે જાપાનમાં રહ્યા, પછી જ્યારે જર્મની જવા તૈયાર થયા ત્યારે ઝેન શિષ્યોએ હેરિગલને માટે વિદાયમાન ભોજન સમારંભ અને હેરિગલનો સંદેશ સાંભળવા વ્યાખ્યાન રાખ્યું.

લાકડાંના મકાનમાં ત્રીજે માળે હોલ હતો. (ત્યાં અવારનવાર 'ધરતીકંપ' આવતા હોઇ લગભગ મકાન લાકડાંના થતાં)..

હેરિગલનું વ્યાખ્યાન ચાલતું હતું ત્યાં જ મોટો 'ધરતીકંપ'નો આંચકો આવ્યો, ત્રીજો માળ ધ્રુજી ઉઠ્યો, ભક્તો-શ્રોતાઓમાં નાસ-ભાગ મચી ગઇ, આંચકો સમી ગયો, લોકો ફરી પોતાની બેઠક પર પાછા આવ્યાં.

બધાએ જોયું હેરિગલ પહેલાં જે સ્થિતિમાં હતા તેમ જ બેઠા હતા અને બધા બેસી ગયા એટલે જ્યાંથી અધુરૂં હતું ત્યાંથી જ પાછું શરૂ કર્યું.

એક ઝેન સંતે પૂછ્યું, તમને ધરતીકંપની અસર કેમ ન થઇ?

કંપન શરીરની બહારે જ થતાં હોય છે, જો તમે અંદર ઉતરી જાવ તો તમને કોઇ કંપનની અસર ન થાય.

અબલાના જીવન - હાય, તુમ્હારી યહી કહાની?
આંચલ મેં હૈ દૂધ ઔર આંખોં મેં પાની!

મધર ટેરેસાએ સ્ત્રીના માતૃ સ્વરૂપનું ઉજ્જવળ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે તો સોનિયા ગાંધી, મમતા બેનર્જી, જયલલિતા અને માયાવતીએ નારીમાં છુપાયેલી નેતૃત્વશક્તિનો પરચો પૂરો પાડ્યો છે

હું રસ્તે રઝળતી વારતા
- અયના પટેલ

રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તની આ ખૂબ જાણીતી પંક્તિઓમાં સ્ત્રીની લાચારી વ્યક્ત થઇ છે. વારંવાર આ કંડિકા આપણા રાજનેતાઓ પણ સંસદભવનમાં લલકારતા રહે છે. એનાં પ્રવચનોને ચમકાવે છે. અને ઘડીક આખું વાતાવરણ માંગલ્ય સભર બની જાય છે. સ્ત્રીઓ પ્રત્યે પુરૂષવર્ગ આદિ અનાદિથી અન્યાય કરતો આવ્યો છે. ભગવાન તરીકે પૂજાઇ ગયેલા રામ પણ એમાં અપવાદ નથી. પ્રકાંડ તત્ત્વવેતા મહર્ષિ ગૌતમ પત્નીની ભૂલ માફ કરી શકતા નથી. ધર્મરાજ યુધિષ્ઠિર પત્નીને સંપત્તિ ગણી જુગારમાં હારી જાય છે. આપણી ભવ્ય સંસ્કૃતિનાં ગુનગાન ગાતાં નહીં થાકનારા આપણે જરાં અંદર તરફ ડોકિયું કરીએ તો સમજાશે કે આપણે જેને માતૃ સ્વરૂપે પૂજીએ છીએ તે સ્ત્રી પ્રત્યે આજ પર્યંત આપણો વ્યવહાર કેવો ક્રૂર, કેવો અમાનુષી રહ્યો છે...

કવિએ સ્ત્રીનાં બે જ અંગોને 'જકસ્ટા પોઝ' કરી બતાવ્યાં છે : 'આંચલમેં હૈ દૂધ ઔર આંખો મેં પાની!' પરંતુ દૂધ કે પાણી કરતાં સ્ત્રીની રગેરગમાં અને રૂંવાડે રૂંવાડે ઝરતા લોહીની તો વાત અધ્યાહાર જ રહી ગઇ. દૂધ અને આંસુમાં પણ એનું લોહી જ ઓગળેલું છે, એ કેમ ભૂલીએ? રજસ્વલા થયા પછી જ બાલિકાને એના નારીત્વનો અર્થ સમજાય છે. એક લોહીઝાણ અભિશાપ સાથે સ્ત્રી પ્રસૂતિગૃહ અને રસોઇઘર વચ્ચે અટવાતી રહે; એને બાપના ઘરનો ઉંબરો ઓળંગ્યા પછી પતિગૃહમાં વાસનાનું ચાવી પૂરેલું રમકડું બનીને જ જીવવાનું અને પછી 'અખંડ સૌભાગ્યવતી' ગૌરવ સામે વેળાસર અમર ચૂડી ચાંદલા સાથે સાસરિયાના સ્મશાને પોઢી જવાનું - એ જ એની નિયતિ 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ ।' વાહ, શી આપણી સ્ત્રી દાક્ષિણ્ય-ભાવના!

એકવીસમી સદીની સ્ત્રી એવા ખોખલા ગૌરવની મોહતાજ નથી. એને પોતાની રીતે જીવવું છે, એક આગવી ઓળખ ઊભી કરવી છે. પુરૂષની ગુલામડી થઇને જીવેલી પૂર્વ પેઢીઓથી ચીલો ચાતરીને પુરૂષ સમોવડી નહીં, બલ્કે સાચા અર્થમાં સ્ત્રી બનીને ઉપસવું છે. એણે ભણતરમાં ઊંચા નિશાન આંબ્યા છે, કારકિર્દીનાં વિધવિધ ક્ષેત્રોમાં એણે પુરૂષને માત આપી છે. એણે શિક્ષણથી લઇ રાજકારણ બલકે અંતરીક્ષ વિજ્ઞાન સુધીના અવાવરૂં વગડામાં પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે અને સ્ત્રી કોઇ પણ માપદંડથી માપતાં પુરૂષ કરતાં ઊતરતી નથી, એ બાબત સાબિત કરી દીધી છે. ઇન્દિરા ગાંધીએ અત્યાર સુધીના વિશ્વનેતાઓમાં આગવી ભાત પાડી બતાવી છે તો કિરણ બેદીએ તિહાડ જેલને આશ્રમમાં રૂપાંતરિત કરી દઇ દંકો વગાડ્યો છે. સ્ત્રીના માતૃ સ્વરૂપનું ઉજ્જવળ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે તો સોનિયા ગાંધી, મમતા બેનર્જી, જયલલિતા અને માયાવતીએ નારીમાં છુપાયેલી નેતૃત્વશક્તિનો પરચો પૂરો પાડ્યો છે.

પરંતુ છતાં ઓલ ઇઝ નોટ વેલ! સ્ત્રીને માથે પુરૂષનો ઓછાયો આજ પર્યંત અકબંધ છે. મનુસ્મૃતિ કહે છે : ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ - અર્થાત સ્ત્રી સ્વતંત્રતાને લાયક નથી! એણે બાળપણમાં બાપનો, યુવાવયે પતિનો અને ઘડપણમાં પુત્રનો આશ્રય સ્વીકારીને જીવવું જોઇએ. મનુસ્મૃતિની આ હિદાયત અદ્દલ શરીયતમાં સામેલ કરાઇ છે. તાજેતરમાં બનેલી બે દારૂણ ઘટનાઓ આંખ ઉઘાડનારી છે. ખાપ - પંચાયતોના ફતવા કે ઓનર કીલિંગના કિસ્સાઓ કરતાં પણ ચોવીસ કલાકના ગાળામાં ચમકેલી અપમૃત્યુની આ ટ્રેજેડી કોઇ પણ સંવેદનશીલ માનવીનું કાળજું કંપાવી દે, એ બરની છે. બેઉંની પૃષ્ઠિભૂમિ હરિયાળા છે, એ શું જોગાનુજોગ સમજવો?

હરિયાણાના નામચીન 'આયારામ-ગયારામ' બ્રાન્ડ નેતા ભજનલાલના પુત્ર ચંદ્રમોહન બાપકમાઇના જોરે રાજયના નાયબ મુખ્યમંત્રી બની ગયા હતા. એમને બૈરી-છોકરાં પણ હતા, સિને નટી કરતાં પણ વધારે ચુલબુલી અને નખરાળી રાજયની આસિસ્ટંટ એડવોકેટ જનરલ અનુરાધા બાલી પર એમનું દિલ ફિદા થઇ ગયું. બેઉએ છાનગપતિયાં કરીને બદનામી વહોરવા કરતાં ધર્મપરિવર્તન કરી મિયાંબીબી તરીકે સાથે રહેવાનો સંકલ્પ કર્યો. (આપણા એક ખૂબ જાણીતા ગઝલકારે પણ આવું જ - ઇર્શાદ!) ચંદ્રમોહન ચાંદ મોહમ્મદ બની ગયા અને અનુરાધા ફિઝા. નિકાહ થયા. પરંતુ હરિયાણાનો રૂઢિચુસ્ત બિશ્નોઇ સમાજ આવાં લગ્નને થોડો સ્વીકારે? ચૌધરી ભજનલાલના ખાનદાનમાંથી ચંદ્રમોહનની હકાલપટ્ટી કરાઇ. 'પ્યાર કિયા તો ડરના કયા?' વાળી નીડરતાં ફિઝાએ તો બરાબર ટકાવી રાખી પણ ભજનપુત્ર ચાંદ મોહમ્મદ એ વંટોળ સામે ઝીંક ઝીલી ન શક્યા. ફિઝાને એકલી મુકીને એ પલાયન થઇ ગયા. એમનું અપહરણ થયું હોવાથી વાત પણ આવેલી. આખરે એમણે ફિઝાને તલાક આપી રઝળતી કરી મુકી ત્યારે એ બહાદુર મહિલાએ પોતે પોતાનો આગવો ચીલો ચાતરવાનો દૃઢ સંકલ્પ પણ કરેલો. પ્રતિભાની રૂએ ફિઝા એના પ્રેમી ચંદ્રમોહન કરતાં ચાર ચાસણી ચડે એવી હતી. પરંતુ આખરે એ એકલી પડી ગઇ. એણે રાજકારણ ખેડવા માટે પોતાની પાર્ટી પણ બનાવી, છેલ્લે છેલ્લે એ બહુજન સમાજ પાર્ટી સાથે જોડાઇને એની રાજકીય કારકિર્દીને નવો વળાંક આપવા માગતી હતી, પરંતુ આખરે સ્ત્રીનો કેવો કરૂણ અંજામ આવી શકે, તેની દર્દનાક દાસ્તાન બનીને રહી ગઇ. એવો જ બીજો કરૂણાંત કિસ્સો દિલ્હીની અશોક વિહારના એપાર્ટમેન્ટમાં પંખે લટકી પડેલી એરહોસ્ટેસ ગીતિકા શર્માના અપમૃત્યુનો છે. બંધ પડેલી ખાનગી એરલાઇન્સના માલિક અને હરિયાણા સરકારના ગૃહ રાજયમંત્રી ગોપાલ કાંડાએ પોતાને ફસાવી, છેતરી અને આપઘાત કરવા મજબૂર કરી હોવાનો એકરાર કરતી 'સ્યુસાઇટ નોટ' પણ મુકતી ગઇ હોવાથી બધું દીવા જેવું સ્પષ્ટ થઇ ગયું છે. ગોપાલ કાંડા બીજી એક મહિલા સાથે પણ સંબંધો ધરાવતાં હતા. એનાથી એમને બાળક પણ હોવાનું જાણ્યા પછી ગીતિકાના પગે નીચેથી ધરતી સરકી ગઇ. રાજકારણીઓ સાથે આભાસી પ્રેમજાળમાં ફસાયેલી કે કારકિર્દી કે કારકિર્દીની અપેક્ષાએ સંકળાયેલી સ્ત્રીઓનો મહદંશે આવો જ અંજામ જોવા મળ્યો છે. સ્ત્રીના ભોળપણ અને મહત્ત્વાકાંક્ષાનો ગેરલાભ લેવાના આવા અનેક કિસ્સા

● અનુસંધાન છઠ્ઠા પાને

પોલીસ વ્યવસ્થા અને લોકતંત્રની અપેક્ષાઓનું સત્ય નિરૂપણ

આ પુસ્તક લોક સમુદાય અને પોલીસ પરિવારોએ ખાસ વાંચવા જેવું છે, કારણ કે તેમાંથી સાચા પોલીસની સાચી વ્યાખ્યા અને સાચી ઓળખ મળે તેમ છે



શબ્દ સમીપે
- નટવર હેડાઉ

આપણો દેશ સંસ્કાર અને સંસ્કૃતિથી સુરક્ષિત દેશ છે. તે કેટલીક સામાજિક વ્યવસ્થા, પરંપરા અને નીતિથી બંધાયેલો છે. આ બધાં મૂલ્યો અને માનવહિતને સુવ્યવસ્થિત રાખવા, સુરક્ષા આપવા પ્રશાસનિક વ્યવસ્થા પણ દેશભરમાં ગોઠવાયેલી છે. જેના પાયામાં પ્રતિક રૂપે 'ખાખી' છે. પોલીસ છે.

હાં, આજે આપણે એક એવા પુસ્તકની વાત કરવી છે જે એક બહાદૂર, નીડર અને જાંબાઝ છતાં સંવેદનશીલ પોલીસ અધિકારીની અનુભવોની સત્યગાથા છે.

'ખાખીમાં માનવતા' પુસ્તક દ્વારા એક (IPS) અધિકારી શ્રી અશોકકુમારે આખી પોલીસ વ્યવસ્થાનું સાચું ચિત્ર આપીને એનું ગૌરવ વધાર્યું છે. પોલીસખાતા વિષે આટલું સત્ય કહેવાની હિંમત કદાચ આજ સુધી અન્ય કોઇ દાખવી શક્યું નથી. આ પુસ્તકના પ્રત્યેક પ્રસંગો, ઘટનાઓ ઘણું બધું શિખવી જાય છે. આપણા આત્માને જગાવી જાય છે. અને એમાંય જેમણે ખાખી વર્દી પહેરી છે. એવા પોલીસ કર્મીઓને કે અધિકારીઓ માટે તો આ પુસ્તક પ્રેરણામયી હોવાની સાથે - સાથે જીવન બદવાનો મોકો પણ છે. એક પોલીસ અધિકારી ધારે તો શું કરી શકે એનું ઉત્તમ ઉદાહરણ આ પુસ્તક છે.

જો કે, આપણા સમાજમાં અને ઉચ્ચ વર્ગમાં આજે પોલીસની છાપ બહુ સારી નથી. ખાખી વર્દી જોઇને ઉચ્ચ વર્ગ દૂર ભાગે છે. આજકાલ ફિલ્મો અને સિરિયલોમાં પણ અપવાદ બાદ કરતાં પોલીસનાં પાત્રને મોટે ભાગે ભ્રષ્ટ અને હાસ્યાસ્પદ સ્થિતિમાં દર્શાવવામાં આવે છે. પ્રત્યેક ઘરમાં આજે 'પોલીસ' શબ્દનો ઉપયોગ બાળકને ડરાવવા માટે થાય છે. આપણે ક્યાંક એવો કિસ્સો નથી જોયો કે કોઇ કોલેજીયન યુવતી પોલીસના પ્રેમમાં પડી હોય. પોલીસની આવી છાપ શા માટે છે? તેના મૂળમાં દોષિત કોણ છે? વ્યવસ્થાતંત્ર તો બરાબર જ છે. સિસ્ટમ જે ગોઠવાયેલી છે તેતો ઉત્તમ જ છે. પરંતુ એ સિસ્ટમને ચલાવવાવાળા કેટલાક લોકોની સમજ અને નિષ્ઠા ખોટી છે. લેખકના મતે આ પુસ્તકનો હેતુ કરેલાં કાર્યોનાં લેખા જોખાં પ્રસ્તુત કરવાનો નથી, પરંતુ કોઇ પણ સમસ્યાને માનવીય દૃષ્ટિકોણથી સમજી તેનું સમાધાન કરી શકાય અને કઇ રીતે સમાજનો દૃષ્ટિકોણ પોલીસ વ્યવસ્થા પ્રત્યે સકારાત્મક બનાવી શકાય એ છે.

આ પુસ્તક વાંચીને એક તરફ કર્તવ્યનિષ્ઠ પોલીસ કર્મચારીઓને પ્રજાની જરૂરીયાત મુજબ સારા કામો કરવાની પ્રેરણા મળશે તો બીજી તરફ સામાન્યજનને પણ પોતાના અધિકારોની સમજ અને અનુભૂતિ થશે. કારણ કે પુસ્તકમાં કેટલીક વાસ્તવિક ઘટનાઓ પર આધારિત કથાઓ દ્વારા આ વાત સ્પષ્ટ કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. સારી પોલીસ વ્યવસ્થાની ખરેખર ગરીબ અને અસહાય લોકોની જિંદગીમાં પરિવર્તન લાવી શકાય છે. એવી ઘટનાઓ અહીં વાર્તા સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી છે. જેમાં પોલીસ સામે આવતી પરિસ્થિતિને ચેલેન્જ માનીને એક સંવેદનશીલ માનવીય હૃદયની ભાવનાઓથી વણીને ઉકેલી છે. જેનું ખૂબ જ સુખદ પરિણામ પણ મળ્યું છે.

આ પુસ્તક આત્મકથા નથી કે નથી કોઇ અનુસંધાન

● અનુસંધાન છઠ્ઠા પાને

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૪મી સપ્ટેમ્બર

● સમર્થ ઇતિહાસવિદ રત્નમણિરાવ ભીમરાવ જોટેની પુણ્યતિથિ.

અમદાવાદ, ખંભાત, સોમનાથ જેવા નગરો પર તથા ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ વિષે ગ્રંથો લખ્યા. ૨૪-૯-૧૯૫૫માં તેમનું અવસાન થયું.

● ભારતના પ્રથમ ક્રાંતિકારી મહિલા, ગુજરાતી - પારસી નારી ૧૯૦૭માં જાતે બનાવેલો રાષ્ટ્રધ્વજ ફરકાવનારા, જ્યાં ભાષણ કરવા જાય ત્યાં આ દિવસ ફરકાવતાં ૩૪ વર્ષ સુધી માદમ ભિખાઇજી કામાની પુણ્યતિથિ.

● ૧૦૮ નાટકો લખનારા મણિલાલ 'પાગલ'નો ભાવનગરમાં જન્મ. નાટ્ય નેપોલિયનનું બિરૂદ મળ્યું છે - ૧૮૮૯.

અતૃપ્ત આત્મા તૃપ્તિ માટે તડપતો હતો અને અચાનક...

અચાનક શિલ્પાબેનની બૂમ સંભળાઇ, સૌ એકદમ ગભરાઇ ગયા, પાછળ શિલ્પાબેન ગભરાયેલ, ડરી ગયેલ ફીક્કા ચહેરે ધ્રૂજતાં હતાં, સૂરજ અને ઍર હોસ્ટેસ દોડતાં તેમની પાસે ગયા...

વાર્તા
અનોખું અસ્તિત્વ : એક પ્રેતકથા
- હર્ષદરાય ઉપાધ્યાય

(ગતાંકથી આગળ...)

મૉલમાં સૂરજભાઇનાં હાથમાં પુત્ર રાહુલ હતો. શિલ્પાબેન ખરીદીમાં મશગૂલ હતા. ત્યાં પાછળથી રાહુલને લેવા હાથ આવ્યા. રાહુલ પણ હસ્યો. સૂરજભાઇથી પાછળ જોવાઇ ગયું. ત્યાં શિલ્પાબેનની સહેલી શિવાંગી હતી. તે પણ તેના પતિ ડૉ. ભાર્ગવ સાથે ખરીદી કરવા આવી હતી. સૌ એકબીજાને મળી ખુશ થઇ ગયા. અને આનંદથી વાતે વળગ્યાં. પણ એ સૌને ખબર ન હતી કે દૂર પીલ્લરની પાછળથી બે આંખો - માંજરી આંખો બધાંને તીક્ષ્ણ નજરે જાણે કે વીંધતી હતી. ખાસ કરીને શિલ્પા ને. થોડીક આડાઅવળી વાતો કરી સૌ છૂટાં પડ્યા. અને રાત્રે મોડા હૉટલમાં જમવાનું પતાવી તેઓ ઘેર આવ્યા. શિલ્પા ગાડીમાંથી ઉતરી સીધી તેના બેડરૂમમાં જ ભરાઇ ગઇ કારણ કે, દિવસનો થાક લાગયો હતો. સૂરજ પણ વૉશરૂમમાં ફ્રેશ થઇ થોડું ઑફિસનું કામ પતાવવા તેના અલાદયા રૂમમાં ગયો હતો. નોકર વગેરે રૂટીન કામથી પરવાની સૂવાની તૈયારીમાં લાગ્યા. પુત્ર રાહુલ તો એસી કારમાં જ નસકોરાં બોલાવતાં હતો એટલે તે પણ તેની પથારીમાં સર્વન્ટ નટુની બાજુમાં ઊંઘતો હતો. સૂરજની અલાયદી રૂમમાં ચૂપચાપ એક પડછાયો પ્રવેશ્યો હતો. કોઇને તેની જરા પણ ખબર ન હતી.

માત્ર બંગલામાં સર્વત્ર સન્નાટો અને ઠં...ડો... ગભરાટ પ્રસરેલ હતો. અંધારામાં ઝૂમ્મર જાણે કે નીચે ટીકી ટીકીને 'કશુંક' જોઇ ધ્રૂજતાં હોય તેમ સહેજ સહેજ હલતાં હતા. શિલ્પા ઘસઘસાટ ઊંઘમાં હતા. ત્યારે ધીરે ધીરે... કોઇક દાદર ઉપરથી નીચે તરફ સરકતું હતું. તીવ્ર શાંતિમાં માત્ર પગલાંના આછા અવાજ ઉઠતા હતા. ખ..ટા..ક... ખટાક... થોડીક વારે ભારે શાંતિ પ્રસરી ગઇ. કશુંક ભયાનક બનવાની ચાડી ખાતી આ શાંતિમાં સમય સરવા લાગ્યો.

સૂરજભાઇએ પરિવાર સાથે સિંગાપુરના ટૂરમાં બુકિંગ કરાવ્યું હતું. સૌ ખુબ ખુશ હતાં. પુત્ર રાહુલ અને શિલ્પા તથા સૂરજ નિર્ધારિત દિવસે પ્રવાસે રવાના થયા. શાંતાક્રૂઝ હવાઇ મથકે થોડાક મિત્રો વગેરે 'બેસ્ટ જર્ની' કહેવા આવ્યાં હતા. પ્રવાસ આયોજક તથા બીજા લગભગ ૨૨ કપલ ત્યાં એકઠા થયા. પરિચય કેળવાતો ગયો અને સિંગાપુર ઍર લાઇન્સનું પ્લૅન તેઓ માટે આવી પહોંચ્યું. આનંદ સૌને હતો તેથી સૌ હસતાં ચહેરે પ્લૅનમાં દાખલ થયાં. સૌ પોતપોતાની સીટમાં ગોઠવાયા. ઍર હોસ્ટેસના હસતાં ચહેરાં વધુ સોહામણા લાગતા હતા.

અને પ્લૅન આકાશમાં ઉડવા લાગ્યું. વાદળો ભેદી પ્લૅન નિશ્ચિત ઊંચાઇએ સ્થિર થયું. નાસ્તાની મઝા માઝી સૌ કોલ્ડ ડ્રીંક્સ વગેરેમાં મગ્ન હતા. થોડીક વાર પછી શિલ્પાબેન વૉશરૂમ માટે પાછળની બાજુ એ ગયાં. પણ થોડી વારે અચાનક શિલ્પાબેનની બૂમ સંભળાઇ, સૌ એકદમ ગભરાઇ ગયા. પાછળ શિલ્પાબેન ગભરાયેલ, ડરી ગયેલ ફીક્કા ચહેરે ધ્રૂજતાં હતાં. સૂરજ અને ઍર હોસ્ટેસ દોડતાં તેમની પાસે ગયા. ફાટી ગયેલ આંખે, ચકળવકળ ડોળાં કાઢતાં, અત્યંત ભયગ્રસ્ત શિલ્પાબેન કશું બોલી શકવા તૈયાર ન હતા. મોંમાંથી માત્ર ઉચ્છવાસ ધ્વની આવતો હતો. તે હાંફતાં હતાં. તેમને તેમની સીટમાં બેસાડ્યાં. પ્લૅનમાં સૌ ભારે અચંબામાં હતાં. સૌ એક જ વાત પૂછતાં હતા.શું થયું? કેમ આમ થાય છે? શિલ્પાબેન સીટ માં બેઠાં, હજુ તે ધ્રૂજતાં હતા... સૂરજે પૂછ્યું ત્યારે તે માત્ર એટલું જ બોલી શક્યાં. 'મેં પેલીને ત્યાં બેઠેલી જોઇ...' અને જોરદાર રીતે તે રડવા લાગ્યાં. સૂરજ પણ ભયભીત હતા. થોડા સમયે શિલ્પા શાંત તો ન થઇ પણ ડરતાં... ધ્રૂજતાં જે બોલી તે પ્રમાણે... તેણે મોનીકાને છેલ્લી સીટની પહોળમાં બારી પાસેની સીટમાં બેઠેલી જોઇ હતી, અને શિલ્પાની અને તેની નજર એક થતાં તેણે શિલ્પા સામે રીતસર ગૂરકીને દાંત પીસીને જોયું હતું. એ માંજરી મોટી આંખો, ડરામણી શકલ અને પીસાયેલાં દાંત શિલ્પાબેનથી કેમેય ભૂલાતા ન હતા. તે ધ્રૂજતા અવાજે બોલ્યાં, ''નક્કી કશુંક બનવાનું છે.'' પ્લૅન ઊડતું હતું. છેલ્લી સીટ ખાલી હતી. સૌને આ પ્રસંગે મજાક અને ટાઇમપાસ જેવો લાગ્યો અને બધાં પોતપોતાની રીતે વળી આનંદ કરવા લાગ્યાં, પણ આ પરિવાર અશાંત હતો. સિંગાપુર

● અનુસંધાન છઠ્ઠા પાન